# અહમ્ ઓગાળવા આવ્યા : એક સુખી જીવનો ગઝલસંગ્રહ

મહમ્મદ હુસૈન આઝાદે એમના પ્રસિદ્ધ પુસ્તક આબ-એ-હયાતમાં મીર તકી મીરનો એક કિસ્સો આવો પણ આલેખ્યો છે "સઆદત યાર ખાં રંગીન નવાબ તહમાસ્પ બેગ ખાં કિલેદાર-એ-શાહી કે બેટે થે. ચૌદહ-પન્દ્રહ સાલ કી ઉમર થી. બડી શાન-ઓ-શૌકત સે ગયે ઔર ગઝલ સુધાર કે લિયે પેશ કી. સુનકર કહા, સાહબઝાદે, આપ ખુદ અમીર હૈં ઔર અમીરઝાદે હૈં. નેઝાબાઝી, તીરઅંદાઝી કી કસરત કીજિયે. ઘુડસવારી કા અભ્યાસ કીજિયે. શાયરી દિલખરાશી ઔર જિગરસોઝી કા કામ હૈ. આપ ઈસકે ચક્કર મેં ન પડે. જબ ઉન્હોંને બહુત આગ્રહ કિયા તો ફરમાયા કિ આપકી તબિયત ઈસ કલા કે યોગ્ય નહીં. યહ આપકો નહીં આને કી. વ્યર્થ હી મેરી ઔર અપની ઔકાત ખોની ક્યા ઝરૂરી હૈ.

■

આપણને સેંકડે છણ્ણુંનો આનંદ.

■

કોઈ ગઝલસંગ્રહમાંથી દસ-બાર સારા શેર ટાંકવા અને પછી – જુઓ આ કેવા સારા શેર છે, આ કેવો સારો ગઝલકાર છે – એમ કહેવું એ સાદી બુદ્ધિનું લક્ષણ છે. કોઈ ગઝલસંગ્રહમાંથી દસ-બાર સારા શેર ટાંકી શકીએ તો એમાંથી આપણે દસ-બાર સામાન્ય, નબળા, ખરાબ શેર પણ ટાંકી શકીએ. પછી શું આપણે એમ કહીશું – જુઓ આ કેવા સામાન્ય, નબળા, ખરાબ શેર છે, આ કેવો સામાન્ય, નબળો, ખરાબ ગઝલકાર છે. –

■

સુખી જીવો માટે ગઝલક્ષેત્રે સુખી થવાના કેટલાક નુસખા છે. તેમાંનો એક નુસખો એટલે છંદદોષ. એક તો શેરમાં બે જ પંક્તિની સંકડાશ, ઉપરથી કાફિયો પણ નિભાવવાનો, રદીફ પણ જાળવવાનો. અંદરથી સંતુલન પણ સાચવવાનું, સંવાદિતા પણ સંભાળવાની. આટઆટલી પળોજણ જાણે ઓછી હોય તેમ છંદ પણ અતૂટ રાખવાનો. ગઝલ એટલે સ્વપીડનવૃત્તિનો આવિષ્કાર. આમ, આટલું દુઃખી થવા કરતાં સુખ મળે તેમ, તેટલું મેળવી લેવું. કાફિયા, રદીફ તો પડતાં જ ન મુકાય. સંતુલન અને સંવાદિતા તો ચર્ચાના વિષય. આંખ સામે દેખાતો, સુખી થવાનો ટૂંકો રસ્તો એટલે છંદના ફંદમાંથી છુટકારો. જોકે સાવ તો છૂટી ન પડાય. છંદ સાવ તો છોડી ન દેવાય. અછાંદસ ગઝલ તો કોઈ મરણિયો જ કહે. એટલે કે ઝાઝું મથવું નહીં. ઝાઝું મૂંઝાવું નહીં એટલે કે છંદ જાળવવા માટે ઝાઝું દુઃખી ન થવું. એટલે કે છંદ જળવાય એટલા જાળવવા અને તોડવા હોય તેટલા તોડવા. સુખી જીવો માટે સુખદાયી સમાધાન. એટલે કે એક લઘુના સ્થાને 'પર' મૂકતાં જરાય મૂંઝાવું

નહીં. એટલે કે 'વૃ' જોડાક્ષરના પ્રભાવને ધરાર અવગણવો. એટલે કે લઘુ-લઘુના સ્થાને 'તારી' ન પ્રયોજાય તો શું પ્રયોજાય એવા વિચારે દુ:ખી ન થવું. એટલે કે સુખની 'ક્ષિતિજ'ને ગુરુ-લઘુ પ્રમાણે પ્રયોજવા સુધી વિસ્તારવી એટલે કે...

*કાપી સતત રહી છે સમયને દિવસ ને રાત,*
*લટકી રહી જે ભીંત પર ટકટકની પોટલી.*

*આટલી વૃત્તિ પ્રવૃત્તિ છે છતાં,*
*એક સ્મરણને સાવ લઈ બેઠા છીએ.*

*કોઈ શીખે તારી પાસેથી કલા આ મોહક,*
*તારો ખરતાં તું જે બોલ્યો એ બધું સાચું છે?*

*સરહદો પરનો પહેરો તેજ કરો,*
*ક્ષિતિજ સંભાળો – સાંજ થઈ ગઈ છે.*

ગઝલપંક્તિમાં 'કહેણ' શબ્દ આપણે લઘુ-ગુરુ-લઘુ પ્રમાણે પ્રયોજીએ અથવા 'હ' યુતિ દ્વારા ગુરુ-લઘુ પ્રમાણે. ગઝલપંક્તિમાં 'કહેણ' શબ્દ લઘુ-ગુરુ પ્રમાણે પ્રયોજવા માટે કલ્પનાશક્તિ આવશ્યક છે. જબરી. આ પરથી આપણે તારવી શકીએ કે છંદોબદ્ધ ગઝલપંક્તિ અંગે સુખી જીવો જબરી કલ્પનાશક્તિ ધરાવતા હોય છે. ગઝલપંક્તિમાં 'ઊંડાણ'નો 'ઊં' કે 'હૂંડી'નો 'હૂં' લઘુ પ્રમાણે પ્રયોજતાં આપણે સતત અવઢવ અનુભવીએ. 'ઊંડાણ'નો 'ઊં' કે 'હૂંડી'નો 'હૂં' લઘુ પ્રમાણે પ્રયોજવા મનોબળ આવશ્યક છે. મક્કમ. આ પરથી આપણે તારવી શકીએ કે છંદોબદ્ધ ગઝલપંક્તિ અંગે સુખી જીવો મક્કમ મનોબળ ધરાવતા હોય છે.

*ઘણાં વર્ષે એણે કહેણ મોકલ્યું છે,*
*મને થાય છે, તોડી નાખું રિવાજો.*

*મને કોઈ ખુદનાં ઊંડાણોમાં ખેંચે...*
*અને મારા હોવાનો ભાંગીને ભુક્કો!*

*સ્વીકારે છે કયા ભવની હૂંડી અદશ્ય રહીને કોણ?*
*બધા ખાલી છે કોઠારો છતાં ખેરાત ચાલે છે.*

■

જેને કડવી તોડનો બાધ ન હોય તેને વરવી જોડનોય વાંધો ન હોય. ભલેને ગુજરાતી ભાષામાં શબ્દની વરવી જોડની કશી વ્યવસ્થા ન હોય. ભલેને. 'બહાર આ હૂંફવર્તુળની, બહુ વરસાદ આવે છે' પંક્તિનું – બહારા હૂંફવર્તુળની, બહુ વરસાદ આવે છે – એવું છાંદસપઠન ખુશીથી થાય. 'નિબિડ અંધકાર આખો પર્વત ગળી જાય' પંક્તિનું – નિબિડ અંધકારા આખો પર્વત ગળી જાય – એવું છાંદસપઠન સુખે કરાય. એવું જ સુખદાયી પઠન 'હાથ આવી'ના સ્થાને - હાથાવી કરાય. એવું સુખદાયી પઠન 'બસ એ જ'ના સ્થાને – બસે જ – કરાય. એવું જ...

*ન જાઓ, આમ છોડીને આ બાહુપાશની છત્રી!*
*બહાર આ હૂંફવર્તુળની, બહુ વરસાદ આવે છે!!*

*નિબિડ અંધકાર આખો પર્વત ગળી જાય,*
*છતાં ત્યાં હજી કેમ દેખાય તરણું?*

*ઢળતી ઉમ્મરમાં સ્લેટ હાથ આવી,*
*મેં ફરી એમાં બાળપણ દોર્યું!*

*રહસ્યો પામી ગયા છે બસ એ જ જાગે છે,*
*ઊંઘી જવાથી કદી રાત કૈં પસાર ન થાય.*

શબ્દજોડનું સુખ આગળ જતાં પંક્તિજોડના સુખ સુધી ન વિસ્તરે તો જ નવાઈ. શેરની પહેલી પંક્તિને અંતે અથવા બીજી પંક્તિની શરૂઆતમાં સંબંધક ન હોવા જોઈએ. ગઝલપંક્તિની આ પ્રકારની રચના નિવારવી, સદા નિવારવી એ લાગતું હોય એટલું સહેલું નથી. મીરના, ગાલિબના શેરમાં પણ ક્યાંક-ક્યાંક આવા સંબંધક આવી જાય. ક્યાંક-ક્યાંક. સુખી જીવોને તો સહેલું એટલું પહેલું. મથામણ સહેજે કરવી નહીં. મૂંઝવણ માથે

ધરવી નહીં. મૂંઝાઈ-મૂંઝાઈને, મથી-મથીને શા માટે દુઃખી થવું? સંબંધકનું સુખ હાથવગું જ છેને. પંક્તિની શરૂઆતમાં અથવા અંતે એકાદ શબ્દ ખૂટતો હોય તો સંબંધક હાજરાહજૂર. તરત ખાલી જગ્યા પૂરે. દે દામોદર ખાળમાં વાણી.

*સ્હેજ ઠેલો પવનનો વાગે કે,*
*સીમમાં સળવળે છે અંધારું.*

*સ્વપ્ન યાચે રજા નયનની અને,*
*ઝાંખું કૈં ઝળહળે છે અંધારું.*

*એક તો ચાંદ પોતે પાગલ ને,*
*એને પાગલ વધુ કરે વૃક્ષો.*

*એ ખજાના સમું મળ્યું છે પણ*
*દર્દને કેવી રીતે વાપરવું!*

*છે કવન તો મારું, પણ,*
*લાગે છે બધાનું છે.*

*અને...ક્યાંથી શરૂ કરવું, મૈં તારા પર લે! આ છોડ્યું!*
*જનમવું, જીવવું, મરવું મેં તારા પર લે! આ છોડ્યું!*

*તર્જની જાય બંધ પાંપણ પર,*
*ને મને થાય શું હશે રેશમ!*

પંક્તિજોડનું સુખ પામવામાં સુખી જીવો સંબંધકના સદા ઓશિયાળા ન રહે. શેરની પંક્તિઓ સંબંધક વિના પણ જોડી લે. એવા વરવા જોડાણથી શેર બે પંક્તિનો ન રહેતાં એક સળંગ પંક્તિનો થઈ જાય તોય સુખી

જીવોને તો જરાય વાંધો નહીં. શેરની બે પંક્તિ અલગ સ્થાપવા, સદા અલગ સ્થાપવા, સજાગ રહેવું પડે, સદા સજાગ રહેવું પડે. સજાગ રહેવું એટલે ઊંઘ ખોવી. ઊંઘ ખોવી એટલે દુઃખી થવું. દુઃખી શા માટે થવું? ધ્યેય મૂળે સુખ પામવાનું છે. કોઈ પણ રીતે. યેન કેન પ્રકારે યેનકેનખેનગેનઘેન પ્રકારે.

*અહો! જોઈ લો! સૂર્ય જન્મે એ પહેલાં,*
*ગગન પૂર્વનું થઈ ગયું રક્તવરણું.*

*બુદબુદા જેવા હતા શબ્દ છતાં, કાગળની*
*નાવ તરતાં તું જે બોલ્યો એ બધું સાચું છે?*

*સૂર્ય ઊગી ગયો છે પણ સાથે,*
*અસ્ત થવાની ઘાત ઊગી છે.*

*'ગામડું કોણ લઈ ગયું?' પૂછે,*
*ગામડાવાળો – સાંજ થઈ ગઈ છે.*

*કમનસીબી તો જુઓ કે સૂર્યમુખીને અમે,*
*શોધવા નીકળ્યા સવારે તે જડ્યાં સાંજના.*

*પ્રથમ થોડો વખત વાદળ વરસતાં હોય છે, એ બાદ,*
*લીલીછમ અવનીને જોયાનો અશ્રુપાત ચાલે છે.*

*હતો એક બીજ ને એમાંથી આજે વૃક્ષ થઈને એ,*
*હજારો ઘોંસલાને આપવા વરદાન – બેઠો છે.*

પંક્તિજોડના સુખે સુખી એવા સુખી જીવો બે પંક્તિના જડબેસલાક ચોકઠામાં સદાય જકડાયેલા રહે એવું તો ન જ બને. આપણને તો એમ કે શેર એક પંક્તિ વત્તા એક પંક્તિ એમ બે પંક્તિનો હોય. સુખી જીવો શેરમાં

બે પંક્તિનું બંધન તો જખ મારીને સ્વીકારે, પરંતુ એક પંક્તિ વત્તા એક પંક્તિની દુઃખદાયી શરત હંમેશાં તો ન માને. બે પંક્તિ એટલે એક પંક્તિ વત્તા એક પંક્તિ જ એવું કોણે કહ્યું? બે પંક્તિ એટલે અડધી પંક્તિ વત્તા દોઢ પંક્તિ પણ હોઈ શકે. બે પંક્તિ એટલે પોણી પંક્તિ વત્તા સવા પંક્તિ પણ હોઈ શકે. આગળથી, પાછળથી, આજુથી, બાજુથી ગણતાં આવડવું જોઈએ.

*કાં રજા આપો, કાં તમે પોતે,*
*આંખથી મોતીઓને ઝીલી લો.*

*એક પૂરતું હતું, તેં શા માટે*
*ઝંખનાનું બીજું ચરણ દોર્યું?*

*મ્હોરાં સતત બદલતો હતો હું, તે એક દિવસ,*
*આયનો બોલ્યો : 'ચહેરો તો કાળો થઈ ગયો!'*

*થઈ શરૂઆત એની નમ્રતાથી, પણ જરામાં આ,*
*ઊગી ચાલ્યો અહમ્‌નો કેવો ઊંચો તાડ મારામાં!*

શબ્દજોડ પછી પંક્તિજોડ. પંક્તિજોડ પછી ભાષાજોડ. આપણને કોઈ શબ્દનો છોછ ન હોય. આપણી ભાષામાં કાળાંતરે ગોઠવાઈ ગયેલા પરભાષાના શબ્દોએ એને વધુ સમૃદ્ધ કરી છે. હવે તો આપણી જીભે ચડેલા શબ્દ. આગંતુક ન લાગે એવા. હવે તો આપણી ભાષાના લાગે એવા. તોય ભાષા ભાષાના શબ્દના સ્વાદ જુદા, ગંધ અલગ, પોત નોખાં, કયા શબ્દ એક પંક્તિમાં, એક શેરમાં સાથે પ્રયોજવા, ન પ્રયોજવા એનો આધાર ગઝલકારની સમજ, રસવૃત્તિ પર નિર્ભર રહે. શબ્દનું ચયન ગઝલબાનીનું એક પાસું બને અને ગઝલકારની આગવી ગઝલબાની નિપજાવવામાં, નિખારવામાં સહાયક નીવડે. આવા નિખાર માટે જોકે મથવું પડે, બહુ મથવું પડે. મથવું એટલે દુઃખી થવું. દુઃખી થવું તો સુખી જીવોને ન ફાવે, ન ભાવે. સુખી જીવો તો સ્વાદ, ગંધ, પોતની પંચાતમાં પડ્યા વિના ચોડનું ઓડ પણ વેતરે. માંકડે લાકડું પણ વળગાડી દે. આપણે કહીએ કે ઠીક ભાઈ, જેવી જેની મથામણ, જેવી જેની બાની. જેને જે ઠીક લાગ્યું તેને તે ઠીક. પણ ફ્રાઇડ રાઇસ સાથે પૂરણપોળી? અરે, પણ ફ્રાઇડ રાઇસ સાથે પૂરણપોળી? 'તૃષાતુર સાથે મુનાસિબ?' 'ઔકાત સાથે અલૌકિક?' 'અસ્તિત્વ સાથે કહેકશાં?' 'માહેર સાથે પલાખાં?' 'નતમસ્તક સાથે ઈર્શાદ?' 'નિવૃત્તિ સાથે ઔલાદ?'

*કહે છે વાદળોને જળ તૃષાતુર રણ નિહાળીને,*
*વરસવાનું મુનાસિબ હોય નહીં તો ઝરમરી લઈએ!*

*નથી ઔકાત, પણ કેવી અલૌકિક આ અનુભૂતિ!*
*છે ગાગર આવડી અમથી ને એનો પ્રાસ છે સાગર!*

*કંપન ઝીલે છે નભમાં અસ્તિત્વ કહેકશાંનું,*
*જ્યાં સ્હેજ હું હલાવું જાળું કરોળિયાનું.*

*છેવટે મન થઈ ગયું માહેર ગણવામાં બધું,*
*અમને જીવનનાં પલાખાં આવડ્યાં છે સાંજના.*

*છોડવો ઝીલે છે જળ નતમસ્તકે,*
*પેશ એ નર્તન કરે, ઈરશાદ દે!*

*નિવૃત્તિમાં છેક છેલ્લી ક્ષણ સુધી,*
*કર્મ કરવા પ્રેરે એ ઔલાદ દે!*

જેને કડવી તોડનો બાધ ન હોય એને વરવી જોડનોય વાંધો ન હોય.

■

સુખી જીવોના ગઝલસંગ્રહોમાં આપણને ક્યાંક-ક્યાંક સારા શેર પણ મળી આવે. આપણને આનંદ પણ થાય, આશ્ચર્ય પણ. આપણે એવા સારા શેર માણીએ પણ અને ગાલિબની પૂર્વે સમજાયેલી પંક્તિ અનુભવીએ પણ. – રહેમ કર અપની તમન્ના પર કિ કિસ મુશ્કિલ મેં હૈ – આપણે મન મનાવીએ કે હશે, કંઈ નહીં, ચાલો, ક્યાંક-ક્યાંક તો કોઈ શેર તો આપણને સમજણથી અનુભૂતિ સુધી લઈ જાય છે. મન મનાવતાં શીખવું હોય, સારી પેઠે મનાવતાં સારી પેઠે શીખવું હોય તો સુખી જીવોના ગઝલસંગ્રહો વાંચવા.

■

સુખી જીવો માટે ગઝલક્ષેત્રે સુખી થવાનો અન્ય એક નુસખો એટલે અર્થસહિષ્ણુતા. કોઈ એક ચોક્કસ અર્થ જાળવવા માટે મથી-મથીને દુઃખી ન થવું. ગઝલ કંઈ વૈતરણી નથી અને અર્થ કંઈ ગાયનું પૂછડું નથી. છૂટી જાય તો ભલેને છૂટી જાય. અર્થ ન જળવાય તોય શું ખાટુંમોળું થઈ જવાનું છે? બીજમાંથી મોટું કોળું થઈ જવાનું છે. વિધવિધ, વિપરીત, વિચિત્ર અર્થ પ્રત્યે સમભાવ કેળવવો. વિધવિધ, વિપરીત, વિચિત્ર અર્થ અંગે ભેદ ન કરવો. 'ચાહવાનો મારગ તો માત્ર માગે તન્મયતા' પંક્તિમાં 'માત્ર'નો પ્રભાવ 'તન્મયતા' પર પડવાને બદલે 'માગે' પર પડે તો ભલે પડે, ચિંતાતુર ન થવું. 'ચાહવાનો મારગ તો માત્ર માગે તન્મયતા' અને – ચાહવાનો મારગ તો માગે માત્ર તન્મયતા – અંગે ભેદ ન કરવો. 'જિન્દગીભર ફક્ત મેં ગઝલો લખી' પંક્તિમાં 'ફક્ત'નો પ્રભાવ 'મેં' પર પડવાથી, હું જ એક એવો છું જેણે જિન્દગીભર ગઝલો લખી. બીજા બધાએ જિન્દગીભર બીજું પણ લખ્યું અથવા ગઝલો લખી નથી એવા કંઈ વિચિત્ર અર્થ નીકળે. નીકળે તો ભલે નીકળે. શોકાતુર ન થવું. 'જિન્દગીભર ફક્ત મેં ગઝલો લખી' અને – જિન્દગીભર મેં ફક્ત ગઝલો લખી – અંગે ભેદ ન કરવો. 'હજ ગયા' અને – હજ કરવા ગયા – સમાનાર્થી ગણવા. 'ના ગયા હજ તે છતાં હાજી થયા' અને – ના ગયા હજ કરવા પણ હાજી થયા – અંગે ભેદ ન કરવો. 'આખા તિમિરનો સ્રોત' એના ચહેરાનો કોઈ તલ હોય તો ભલે હોય. ગણવા ન બેસવું. 'કોઈ તલ' અને – અન્ય તલ – અંગે ભેદ ન કરવો. 'બચ્ચાં સ્કૂલમાં ચાલ્યાં' અને – બચ્ચાં સ્કૂલે જવા ચાલ્યાં – અંગે ભેદ ન કરવો. મૂળે તો ભેદ અંગે ભેદ ન કરવો. મૂળે તો...

*ચાહવાનો મારગ તો, માત્ર માગે તન્મયતા*
*એને પામવા માટે તપ આ આકરાં શું છે?*

*જિન્દગીભર ફક્ત મેં ગઝલો લખી*
*છોને, કંઈ તોફાન – તારાજી થયાં!*

*ચાહવાનો શો મળ્યો શિરપાવ, જો!*
*ના ગયા હજ, તે છતાં હાજી થયા!*

*આ તિમિર આખાનો શોધું સ્રોત જો,*
*એના ચહેરાનો કોઈ તલ નીકળે!*

*ઉઠાવી ભારના વૈભવ, આ બચ્ચાં સ્કૂલમાં ચાલ્યાં!*
*ઉપાડીને ખભે શૈશવ, આ બચ્ચાં સ્કૂલમાં ચાલ્યાં!*

■

આવો જ એક અન્ય નુસખો એટલે શબ્દસહિષ્ણુતા. ક્રમમાં તો શબ્દસહિષ્ણુતા અર્થસહિષ્ણુતા પૂર્વે આપે. આ જરા સૂલટઊલટ થઈ ગયું. કશો વાંધો નહીં. સુખી જીવોના ગઝલસંગ્રહો વિશે વાત કરતાં કશું સૂલટઊલટ થઈ જાય તો સંતાપ ન કરવો. આ તો આપણે સુખી જીવોની ગઝલોની નિકટ આવ્યા એમ માનવું. આપણને તો એમ કે ગઝલપંક્તિમાં શબ્દ અમુક રીતે પ્રયોજાય, ઔચિત્ય જળવાય, સમન્વયનું ધ્યાન રખાય. શબ્દ અમુક રીતે પ્રયોજાય એટલે શબ્દ અમુક રીતે પ્રયોજાય એમ નહીં. સહેતુક શબ્દ તમુક રીતે પણ પ્રયોજાય. તમુક રીતે પણ શબ્દનું ઔચિત્ય જળવાય, શબ્દસમન્વયનું ધ્યાન રખાય, હેતુ શેરમાં સ્પષ્ટ થાય, ગઝલતર્ક સચવાય તો ગઝલપંક્તિમાં શબ્દનું તમુક પ્રયોજન પણ સ્વીકાર્ય લેખાય. સુખી જીવોને લાગે ન લાગે, આપણને તો એમ કે ગઝલમાં અહેતુક તમુક શબ્દપ્રયોજન ન થાય. આપણને તો એમ કે બેસણું પાંપણ પર હોય, પાંપણ તળે હોય, બેસણું પાંપણમાં ન હોય. ઝાંખું કંઈ ઝળહળે નહીં, ઝાંખું કંઈ ટમટમે. પોટલી ઢોળાય નહીં, પોટલી છૂટે. બધેનો સંદર્ભ ક્ષિતિજને તાક્યા કરવાથી ન જળવાય, બધેનો સંદર્ભ ક્ષિતિજ લગ તાક્યા કરવાથી જળવાય. દર સવારે ખેલ તાજો સૂર્ય સાક્ષાત્ ચૂમે તેથી ન થાય, સૂર્ય ફરીથી ચૂમે તો થાય. રેત કાચમાં ન હોય, રેત કાચની રેતશીશીમાં હોય. પિંજરને તોડવામાં પાંખો કપાઈ ન જાય, પિંજરને તોડવામાં પાંખો તૂટી જાય. પુષ્પસમ ઘર અને પાંખડીનું નગર ન હોય, પાંખડીનું ઘર અને પુષ્પસમ નગર હોય. તાડ ઊગી ન ચાલે, તાડ ઊગી નીકળે. આપણને તો એમ કે...

*આજે તેં આંખ ફેરવી લીધી,*
*કાલે બેઠો'તો તારી પાંપણમાં.*

*સ્વપ્ન થાયે રજા નયનની અને,*
*ઝાંખું કંઈ ઝળહળે છે અંધારું.*

*તમરાં સજાવી શોધે છે બકબકની પોટલી,*
*ઢોળાઈ ગઈ છે રાતમાં ચકમકની પોટલી.*

*પર્વતની ટોચ પરથી તાક્યા કરું ક્ષિતિજને,*
*તડકો બધે છવાયો; તડકો, અપાર તડકો.*

*દરેક પર્ણને સૂર્ય સાક્ષાત્ ચૂમે,*
*કરે દર સવારે શરદ ખેલ તાજો.*

*કાળની સાથે ચાલવા માટે,*
*કાચમાં રેતને ફરીથી લો.*

*પુષ્પસમ એક ઘર જલાવી દીધું!*
*પાંખડીનું નગર, જલાવી દીધું!*

*આકાશ તો મળ્યું પણ ઊડી નથી શકાતું,*
*પિંજરને તોડવામાં પાંખો કપાઈ ગઈ છે.*

*થઈ શરૂઆતમાં એની નમ્રતાથી, પણ જરામાં આ,*
*ઊગી ચાલ્યો અહ્‌મનો કેવો ઊંચો તાડ મારામાં.*

■

સુખે ગઝલ કહ્યાનું સુખ જાણે ઓછું હોય તેમ સુખી જીવો ગઝલ ભજવવાનું સુખ માણવાનો પણ આગ્રહ રાખે. સુખી જીવો ગઝલમાં સ્પષ્ટતાનો આગ્રહ રાખે કે ન રાખે પણ ગઝલની રજૂઆત બાબતે આપણા મનમાં પૂરેપૂરી સ્પષ્ટતા કરી દે કે એમને માટે ગઝલ કેવળ સંભળાવવાની ચીજ નથી. એમને માટે ગઝલ ભજવવાની પણ ચીજ છે. મંચના મેદાનમાં હોંશહોંશે, ઊલટભેર, ઉત્સાહપૂર્વક, મોકળામને, મોકળાતને, મોકળાગળે સુખી જીવો ગઝલ ભજવે. લોકો જોવા જાય. પૂર્વે શકીલાબાનુ ભોપાલીની કવ્વાલી જોવા જતા તેમ. શ્રોતાગણ નહીં, પ્રેક્ષકગણ. આપણે તો એમ માનીએ કે ગઝલમાં શું કહ્યું છે તેનું મહત્ત્વ નથી, શી રીતે કહ્યું છે તેનું મહત્ત્વ છે. સુખી જીવો પણ કંઈ એમ માનતા હોય છે કે ગઝલમાં શું કહ્યું છે તેનું મહત્ત્વ નથી, ગઝલ શી રીતે ભજવાય છે તેનું મહત્ત્વ છે, પણ ગઝલ સંગ્રહમાં છપાય ત્યારે? આપણું એટલું સદ્‌ભાગ્ય, હજી એટલું સદ્‌ભાગ્ય કે

છપાયેલા શબ્દ રાડ્યું નાખતા નથી, બુમરાણ મચાવતા નથી, ગોકીરો કરતા નથી. ત્યારે? ત્યારે પણ સુખી જીવો આપણને ભૂલવા ન દે. યાદ કરાવે. વારંવાર યાદ કરાવે કે એમને માટે તો ગઝલ ભજવવાની પણ ચીજ છે. નૌટંકીની જેમ ભજવવાની પણ ચીજ છે.

*અને... ક્યાંથી શરૂ કરવું, મેં તારા પર લે! આ છોડ્યું!*
*જનમવું, જીવવું, મરવું મેં તારા પર લે! આ છોડ્યું!*

*આંખોથી આભ વરસી પડે કોઈ પણ ક્ષણે,*
*ભીતરમાં કૈં કમાલનાં... ભારે છે વાદળાં,*

*સ્હે...જ ઉમ્મર વધી હો વર્ષાની,*
*એવું લાગી રહ્યું છે શ્રાવણમાં.*

*પથરાતું એ...ય ચાલ્યું સર્વત્ર સોનું સોનું,*
*રજકણથી ઘર ભરેલું, ઘરની બહાર તડકો.*

*બંને મળી પૂરે છે લાલિમા તારા ચહેરે.*
*આ પોષની બપ્પોરો, આ ઠંડો... ગાર તડકો!*

*ઘૂઘરીનો ગરાસ પ્હેરીને!*
*જાન હેં...ડી પ્રવાસ પ્હેરીને.*

*ત્યાં... ભલા-બૂરાના હિસાબનીશો,*
*મેળવે તાળો – સાંજ થઈ ગઈ છે.*

*ખેતરમાં આવું થાય તો કેવી મજા પડે!*
*ગઝલો ગવાતી જાય... ફસલ પણ લણાતી જાય!*

*ફક્ત ખુદ ખાતર જીવી લેવું, નથી એ જીવવું!*
*ક્યાંક તો... ક્યારેક તો... પર્જન્ય થઈને જીવીએ*

*મેઘલી રાતે મોસમની હેલી હતી,*
*તન ઉપરથી તો ટીપાં ટ-પ-ક-તાં હતાં;*

*કેમ કાબૂમાં રાખી શકું લાગણી?*
*ભીતરે કંઈ મનીષાઓ મેલી હતી!!!*

*વસ્ત્ર શણગારવા ઉદાસીનું*
*કોઈ કારણ, અ-હં! નથી ભરવું*

■

અહં

■

ગઝલમાં સ્પષ્ટતાનો આગ્રહ આપણને સંવાદિતા સુધી લઈ જાય. સીધી ને સટ સંવાદિતા. પરભાષાના ખેરખાંઓ જેને વાબસ્તગી કહે. શેરની બે જ પંક્તિની સંકડાશમાં એક પણ શબ્દ આડોતેડો હોય, આડેધડે હોય, અધ્ધરતાલ હોય તો શેર શિથિલ થઈ જાય. સંવાદિતા જોખમાય. ન જોખમાય તે માટે સતત સચેત રહેવું પડે. એક-એક શબ્દ તોળી-તોળીને, તૂસી-તૂસીને પ્રયોજવો પડે. ગઝલમાં સુખ અને સંવાદિતા વચ્ચે છત્રીસનો આંકડો છે એમ તો આપણે ન કહીએ. આપણે એમ કહીએ કે સુખી જીવોના ગઝલપઝલસંગ્રહોમાં ક્યાંક ગઝલપંક્તિ હોય, ક્યાંક શબ્દસમૂહ.

*એકસરખા વહી રહ્યા છો આપ!*
*આપની વગ ગઝલની ભાષા છે.*

આવા શબ્દસમૂહમાં વગ અને વહેવા વચ્ચે મેળ મેળવવાના પ્રયત્ન કરી-કરીને આપણે ડૂબકાં ખાધા કરીએ.

*શાંત ઊંડા નદીના પાણીનો,*
*સાચું કહું તો રકાસ લાગે છે.*

સંવાદિતાની શોધમાં આપણને આવી પગમાંથા વિનાના ધડ જેવી પંક્તિઓ આડેધડ મળે.

*જો મળી જાય તું અનાયાસે,*
*હુંય કાંતું કૂવામાં અજવાળું.*

અનાયાસે મળી જાય તો જ શા માટે કાંતે? આયાસે મળી જાય તો ન કાંતે? કૂવામાં જ શા માટે કાંતે? કૂવાથાળે શા માટે ન કાંતે? હું ઉપરાંત અન્ય કોણ કાંતે છે? શેરમાં કાંતવાનો કયો સંદર્ભ જળવાય છે? કાંતુ શબ્દનું કાફિયા હોવા સિવાય શું ઔચિત્ય છે? આવા પ્રશ્નોનું સમાધાન શોધવા કરતાં આપણને કૂવો પૂરવો સરળ લાગે.

*ડૂબવું છે તારે? તો તું ડૂબને!*
*કેમ તું અંધારાં આપી જાય છે?*

ડૂબવું અને અંધારાં આપવાં વચ્ચે મેળ મેળવતાં આપણી આંખે અંધારાં આવી જાય.

*છું આદિકાળથી શોખીન અફવાનો ખરું કહું છું,*
*છુપાયો છે સતત ડરપોક એવો ભાંડ મારામાં.*

આદિકાળ અફવાનો શોખ, ડરપોક, ભાંડ વગેરે વગેરે અંતિમકાળ લગી મેળ મેળવવા મથીએ તોય ન મળે.

*નહિતર એ આટલી તો લવારી કરે નહીં,*
*છે શક્ય કે એ શખ્સ જનમથી નમાયો હોય.*

આવા શબ્દસમૂહમાં લવારી કરવી અને નમાયા હોવું વચ્ચે મેળ, તાળો, સંબંધ, સંવાદિતા વિશે કશું કહેવું એ લવારી કહેવાય. મા બાળકને અર્થો, મૂલ્યો આપે છે એવો સાદી બુદ્ધિનો મેળ મેળવીએ તો પિતા, અન્ય વડીલો, ગુરુઓ, ભણતર, ઘડતર સર્વેનો, સ્વયમ્ વ્યક્તિનો એકડો નીકળી જાય. વળી પંક્તિની રચના કંઈ એવો અળવીતરો અર્થ નીપજાવે છે જે નમાયા છે તેઓ વધારે (આટલી તો) લવારી કરે છે. એટલે કે ઓછીવત્તી લવારી તો બધાં જ કરે છે.

■

સુખી જીવોની ચિંતનાત્મક પળોનો, થોડીઘણી ચિંતનાત્મક પળોનો પરિપાક એટલે સુબોધ આપતાં સુવાક્ય,

સુપ્રશ્ન. તારીખિયાના ડટ્ટાના પાને-પાને સોહે, શોભે, સુશોભે એવાં સુવાક્ય, સુપ્રશ્ન. સુખી જીવો ચિંતનનું પણ સુખ ભોગવે. આપણા ભોગે.

*જાણવાના ભ્રમ જવા દઈએ હવે?*
*આપણે ખુદથી પૂરા પરિચિત છીએ?*

*આશા છે પંખી ઊડશે કાલે આ રાખમાંથી;*
*આજે મનુષ્યતા છો થોડી બુઝાઈ ગઈ છે.*

*જે આ સમજે એનો બેડો પાર છે,*
*માનવી કાયમ અટૂલો હોય છે.*

*અલગ ઊભો રહી જોયા કરું છું*
*બધા ક્યાં જાય છે? આવે છે ક્યાંથી?*

*જીવન છે ખાસ્સું લાંબું,*
*ને મોતની તો એક પળ.*

*એ શત્રુને જીત્યો તો તમે જગ જીતી ગયા,*
*ભીતરમાં એ રહે છે અને નામ ક્રોધ છે.*

*નથી ત્યાં હિંદુ બેઠો, કે ન મુસલમાન બેઠો છે;*
*જરા સમજો! તમારા સૌમાં એક ઇન્સાન બેઠો છે.*

■

*આકાશને નિહાળીએ, મલ્હાર ગાઈએ,*
*મનના ગહેકતા મોરને વરસાદ પાઈએ.*

મનનો કે તનનો કે વનનો કે ક્યાંયનો મોરલો ગહેકતો હોય, ઑલરેડી ગહેકતો હોય તો મલ્હાર ગાવાની, વરસાદ પાવાની વૃત્તિ, પ્રવૃત્તિ નિરર્થક છે. વળી કોઈ કશું નિહાળે તો નિહાળવાની ક્રિયા સંપૂર્ણપણે નિહાળનારની હોય છે. નિહાળનાર સુધી પરિમિત રહે છે. નિહાળવાની ક્રિયામાં નિહાળનાર સાથે અન્ય કોઈ ભાગીદાર હોતું નથી, હોઈ શકે પણ નહીં. પ્રત્યેક પોતપોતે નિહાળે છે. આપણે આકાશ નિહાળીએ કે ન નિહાળીએ એની સાથે ગહેકતા કે ન ગહેકતા મોરલાને કશું લાગતું કે વળગતું નથી. – આકાશને સજાવીએ, મલ્હાર ગાઈએ મનને ઉદાસ મોરને વરસાદ પાઈએ – એવું કંઈ હોય તો મોરલાની ગહેક શેર પૂરો થાય પછી સંભળાય, સંભળાયા કરે.

*કાયમ સુગંધ આપીએ એવું તો ના બને,*
*વહેતા પવન છીએ તો ઉકરડેય વાઈએ!*

*(એજન)*

'આપીએ'ના સંદર્ભમાં 'ઉકરડે ય વાઈએ' અને – ઉકરડેથીય વાઈએ – વચ્ચેનો ભેદ જાણવો રહ્યો, જાળવવો રહ્યો. વળી 'ઉકરડે ય વાઈએ' શબ્દો શક્યતા સૂચવે છે. શક્યતાની સ્થાપના અન્ય શક્યતા પર નિર્ભર હોય છે. 'ઉકરડે ય વાઈએ' એવી શક્યતા – ઉકરડે નય વાઈએ – એવી શક્યતા દ્વારા જળવાય. શક્યતાનું સૂચન 'વહેતા પવન' દ્વારા દૃઢ થાય છે. 'વહેતા પવન' ગમે ત્યાં વાય. ઉકરડે ય વાય, ઉકરડે ન ય વાય. સામે પક્ષે 'એવું તો ના બને શબ્દો દ્વારા' શક્યતાનો વિલોપ થાય છે. વિરોધી સૂચિતાર્થોને કારણે શેરમાં સંતુલન જળવાતું નથી. તદુપરાંત સુગંધ અપાતી હોતી નથી, સુગંધ લેવાતી હોય છે. – સુરભી સદા ય હોઈએ એવું ન પણ બને, વહેતો પવન (વહેતા પવન નહીં) છીએ તો ઉકરડે ય વાઈએ – એવું કંઈ હોય તો 'આપીએ'નો ડખો ટળવાથી – ઉકરડેથી ય વાઈએ – ની આવશ્યક્તા નિવારી શકાય, શક્યતાનો વિલોપ પણ નિવારી શકાય. શક્યતાનું સૂચન પ્રથમ પંક્તિમાં પણ જળવાવાથી શેર સંતુલિત બને.

*અને ક્યાંથી શરૂ કરવું, મેં તારા પર લે! આ છોડ્યું!*
*જનમવું, જીવવું, મરવું મેં તારા પર લે! આ છોડ્યું!*

'જનમવું, જીવવું, મરવું' એ ક્રમમાં ફેરબદલ તો ભલો ભગવાન પણ ન કરી શકે. આ ક્રમ અચળ છે, અફર છે તેથી પહેલી પંક્તિનો પ્રશ્ન 'ક્યાંથી' અસ્થાને ઠરે છે. આ શબ્દની નિરર્થકતાને કારણે શેરમાં સંતુલન જળવાતું નથી. અટલ ક્રમના સંદર્ભે કોઈની પર પણ કશુંય છોડવાનો પ્રશ્ન ઊઠતો નથી તેથી પ્રથમ પંક્તિમાં રદીફ લથડે છે. તદુપરાંત અગાઉ જોયું તેમ પહેલી પંક્તિમાં 'અને' ભરતીનો શબ્દ છે, વધારાનો શબ્દ છે. અત્રે આ શબ્દનું ખાલી જગ્યા પૂરવા સિવાય કશું કર્તૃત્વ નથી. – શરૂ કરવું કે ના કરવું, મેં તારા પર લે આ છોડ્યું / જન્મવું, જીવવું, મરવું મેં તારા પર લે છોડ્યું – એવું કંઈ હોય તો 'ક્યાંથી' નિવારવાથી શેર અસંતુલિત ન રહે.

'તારા પર' અને 'છોડ્યું' નિરર્થક ન રહે તેથી રદીફ લથડે નહીં. ભરતીનો શબ્દ 'અને' પણ નિવારી શકાય.

*કેમ હળવો થઈ રહ્યો છે મારો આ દુઃખનો સમય?*
*કોણ મનગમતાં દરદ આપે મને? હું કોણ છું?*

પૂર્વ 'કોણ મનગમતાં દરદ આપે મને?' એવો પ્રશ્ન હોય તો ત્યાર બાદ 'હું કોણ છું' એવો પ્રશ્ન અપ્રસ્તુત છે. 'કોણ'ના સંદર્ભે ત્યાર બાદ - એ કોણ છે? – એવો પ્રશ્ન હોય, 'હું કોણ છું?' એવો પ્રશ્ન નહીં. 'દુઃખનો સમય હળવો' થઈ રહ્યાનું કારણ 'મનગમતા દરદ' બીજી પંક્તિમાં સ્ફુટ થાય છે તેથી પહેલી પંક્તિનો પ્રશ્ન 'કેમ' પણ અપ્રસ્તુત થઈ જાય છે. દુઃખનો સમય લાંબો પણ હોઈ શકે, ગૂંગળાવતો પણ હોઈ શકે, કડવો પણ હોઈ શકે, સ્વપીડનવૃત્તિ ધરાવનાર માટે આનંદદાયી પણ હોઈ શકે. અત્રે 'દુઃખના સમય' સામે કશા સંદર્ભ વિના 'હળવો' શબ્દ વિરોધ કે સમર્થન દર્શાવતો નથી. – ધ્યાન રાખે મારું, બોઝલ જિંદગી હળવી કરે. દર્દ મનગમતાં પિછાણે છે મને હું કોણ છું – એવું કંઈ હોય તો – એ કોણ છે – ની આવશ્યક્તા ન રહે. – બોઝલ – ના સંદર્ભમાં હળવાશ સચવાય. દર્દ, મનગમતાં દર્દ, સ્વયમ્ પિછાણે, ધ્યાન રાખે, જિંદગી હળવી કરે તેથી 'હું કોણ છું' કેવળ પ્રશ્ન ન રહે, દરજ્જાસૂચક, ઉચ્ચ દરજ્જાસૂચક કથન થઈ જાય.

*આ તિમિર આખાનો શોધું સ્રોત જો,*
*એના ચહેરાનો કોઈ તલ નીકળે!*

અગાઉ જોયું તેમ 'કોઈ', એટલે કે ગમે તે એક, અન્ય તલની, એકાધિક તલની ઉપસ્થિતિ સૂચવે છે. સૂચિતાર્થ કંઈ એવો નીકળે કે એના ચહેરા પર એક કરતાં વધારે તલ છે. આવા અનપેક્ષિત સૂચિતાર્થમાંથી ઘણા અળવીતરા પ્રશ્ન ઊઠે. બાકીના તલ પણ એના ચહેરા પર જ છે તો તે કેમ તિમિરનો સ્રોત નથી? તેમાંથી શું નીકળે છે? કંઈ નીકળતું નથી તો કેમ નહીં? વગેરે વગેરે. 'શોધું' અને 'જો'ની સહોપસ્થિતિ કંઈ એવો વિચિત્ર અર્થ પણ નીપજાવે છે કે જો શોધું તો નીકળે, એટલે કે જો ન શોધું તો ન નીકળે. અર્થાત્ તિમિરનો સ્રોત અનપેક્ષ નથી, શોધસાપેક્ષ છે. વળી 'જો' શબ્દ પંક્તિની અંતે હોવાથી પંક્તિની રચના ક્લિષ્ટ થઈ જાય છે. તદુપરાંત પહેલી પંક્તિમાં 'આ' શબ્દ ભરતીનો છે. – સ્રોત આખાયે તિમિરનો દોસ્તો / એના ચહેરાનો ઝીણો તલ નીકળે – એવું કંઈ હોય તો 'આખા' સામે 'ઝીણો' આસ્વાદ્ય વિરોધ નીપજાવે છે. –યે– 'આખા'ની પુષ્ટિ કરે છે. અન્ય તલની ઉપસ્થિતિનું સૂચન નિવારી શકાય છે. પહેલી પંક્તિની ક્લિષ્ટતા નિવારી શકાય છે. ભરતીનો શબ્દ પણ નિવારી શકાય છે. ખાસ તો દોસ્તોને આડકતરી રીતે જણાવી દેવાય છે કે અમારી નજર એના ચહેરાના ઝીણા તલ સુધી છે, અમને એના ચહેરાના ઝીણા તલની પણ ખબર છે.

■